# પંચાયતી રાજ

પંચાયતી રાજ મુખ્યત્વે *ભારત, પાકિસ્તાન,બાંગ્લાદેશ* અને *નેપાળમાં* આવેલ દક્ષિણ એશિયાઇ રાજકીય પ્રથા છે. "પંચાયત" શબ્દ પાંચ (પંચ) અને વિધાનસભા (આયત) પરથી આવ્યો છે. પંચાયત એટલે સ્થાનિક સમુદાય દ્વારા પસંદ કેરાયેલ પાંચ વડીલોનો સમુહ.

પંચાયત રાજ એક એવી સરકારી પ્રથા છે, જ્યાં ગ્રામ પંચાયતો વહીવટનું મૂળભૂત એકમ છે. અહીં ત્રણ સ્તરો છે: ગામ, તાલુકો અને જિલ્લો

પંચાયત રાજ શબ્દ બ્રિટિશ રાજ દરમ્યાન ઉદ્ભવ્યો છે. "રાજ"નો શાબ્દિક અર્થ "શાસન" અથવા "સરકાર" થાય છે. મહાત્મા ગાંધીએ પંચાયતી રાજની હિમાયત કરી હતી, કે જ્યાં દરેક ગામ પોતાની બાબતો માટે જવાબદાર હોય. અને આવા હેતુ માટે "ગ્રામ સ્વરાજ" એવો શબ્દ પ્રયોજાયો હતો.

કાયદો પસાર થતાં, રાજ્ય સરકારો દ્વારા પંચાયત રાજની પદ્ધતિ સને ૧૯૫૦ થી ૬૦ના દાયકામાં અપનાવવામાં આવી હતી. ૨૪ એપ્રિલ, ૧૯૯૩ ના રોજ ભારતમાં પંચાયતી રાજ માટે બંધારણીય (૭૩મો સુધારો) એક્ટ ૧૯૯૨ બંધારણીય દરજ્જો પૂરી પાડે છે.

૨૪ ડિસેમ્બર સુધીમાં આ અધિનિયમ આઠ રાજ્યોમાં લાગુ પડ્યો: આંધ્ર પ્રદેશ, ગુજરાત, હિમાચલ પ્રદેશ,મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઓરિસ્સા અને રાજસ્થાન. હાલમાં, પંચાયતી રાજ પદ્ધતિ નાગાલેન્ડ, મેઘાલય,મિઝોરમ અને, બધા કેન્દ્રશાસિત પ્રદેશો(અપવાદ: દિલ્હી)ને બાદ કરતાં સમગ્ર ભારતમાં પંચાયતી રાજ અમલમાં છે.

દર પાંચ વર્ષે ગ્રામ પંચાયતની ચૂંટણી યોજવામા આવે છે, જેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સ્ત્રીઓ માટે બેઠકો અનામત રાખવામાં છે. પંચાયતી રાજમાં ત્રી સ્તરીય રચના થાય છે: (૧) ગ્રામ પંચાયત, (૨) તાલુકા પંચાયત, અને (૩) જિલ્લા પંચાયત.

➢ પંચાયતી રાજ પર વિવિધ સમિતિઓ:

- 1. Balwant Rai Mehta : Estd 1957
- 2. V.T.Krishnammachari : 1960
- 3. Takhatmal Jain Study Group: 1966

- 4. Ashok Mehta Committee : 1977
- 5. g.v.k rao committee :1985
- 6. Sarkaria Commission : 1986
- 7. Dr.L.M.Singhvi Committee:1986

✓ ગુજરાતના પંચાયતી રાજના વિશિષ્ટ લક્ષણો

બળવંતરાય મહેતા સમિતિની ભલામણોનાં આધારે રાજયમાં ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૬૧ તા. ૧-૪-૬૩ થી લાગુ પાડવામાં આવેલ હતો. ભારત સરકાર વડે પંચાયતોને વધુ સૌમ્ય બનાવવા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૬૧ ને રદ કરી ગુજરાત પંચાયત અધિનિયમ - ૧૯૯૩ નો અમલ તા. ૧૫-૪-૯૪ થી કરવામાં આવેલ છે.

ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ સંસ્થાઓનો અમલ તા. ૧/૪/૧૯૬૩ થી ચાલુ છે.

૧. ગામ/તાલુકા અને જીલ્લા સ્તરોએ અંગભૂતરીતે સંકળાયેલી સ્વાયત્ત વૈધાનિક સંસ્થાઓનું નિર્માણ કરતો એકત્રિત ફાયદો.

૨. પંચાયતોની નિષ્પક્ષ ચૂંટણી માટે રાજય ચૂંટણી પંચની રચના અને પાંચ વર્ષની મુદત બાદ ફરજિયાત ચૂંટણી વિસર્જન -પદચ્યુતિ છ માસથી વધુ નહિ.

૩. પંચાયતોના પૂરતી નાણાંકીય વ્યવસ્થા માટે નાણાંપંચની રચના.

૪. તમામ પંચાયતોના સભ્યો અને સરપંચ/પ્રમુખોની કુલ બેઠકોની ૧/૩ બેઠકો

૫. સ્ત્રીઓ માટે અનામતની જોગવાઇ અને વારાફરતી ફાળવણી. તમામ પંચાયતોમાં વસતિના સપ્રમાણ ધોરણે અનુ.જાતિ અને આદિજાતિ માટે બેઠકો અનામત અને અન્ય પછાતવર્ગો (સા.શૈ પછાત) માટે ૧૦ ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઇ સરપંચ-પ્રમુખની બેઠકો પણ આ રીતે અનામત છે.

૬. જીલ્લા કક્ષાએ સમર્થ કારોબારી સંસ્થાની રચના

૭. જીલ્લા કક્ષાએ શિક્ષણ સમિતિઓને ખાસ દરજ્જો આપવો, અને પછાત વર્ગોના કલ્યાણ માટે ગામ/તાલુકા/જીલ્લા કક્ષાએ ખાસ દરજ્જાની સામાજીક ન્યાય સમિતિની રચના અને કાર્યોની સુપ્રતિ.

૮. પંચાયતોને સ્પર્શતી નીતિ વિષયક તમામ બાબતો અંગે સરકાર સલાહ આપવા પંચાયતો માટેની રાજય કાઉન્સિલ અંગેની વૈધાનિક જોગવાઇ

૯. જીલ્લાની અંદર વિકાસ ક્ષેત્રે સત્તા, કાર્યો અને ફરજોની યર્થાથ તબદીલી

૧૦. પ્રવૃતિઓની તબદીલીની સાથોસાથ ઉદાર ધોરણે નાણાંની તબદીલી અને પંચાયતની મરજિયાત પ્રવૃતિઓ માટે કર-ફી અને જમીન મહેસુલ ઉપર ઉપકર નાખવાની સત્તા

૧૧. ગ્રામ કક્ષાથી જીલ્લા કક્ષા સુધી સમગ્ર સમગ્ર વિકાસ તંત્રની પંચાયતી રાજ સંસ્થાઓને તબદીલી

૧૨. સત્તાની વધુ સોંપણી અને સત્તાધિકારના પ્રસારણ માટેની અંતર્ગત યોજના

૧૩. પંચાયતી રાજ સંસ્થાઓને કેટલાક નિયંત્રક મહેસુલ કાર્યોની તબદીલી, અને તે માટે કલેકટરના જરૂરી અધિકારો-સત્તાની પણ સુપ્રતી

૧૪. જીલ્લા પંચાયતો સંબંધમાં મુખ્ય કારોબારી સત્તાધિકારી તરીકે કામગીરી બજાવવા માટે કલેકટરના દરજ્જાના જીલ્લા વિકાસ અધિકારીની સેવાઓ ઉપલબ્ધ કરવા, તાલુકા પંચાયત સચિવ તરીકે તાલુકા વિકાસ અધિકારી

૧૫. ભરતી અને નોકરીની બાબતમાં સલાહ અને પસંદગી માટે રાજય કક્ષાએ સેવા પસંદગી બોર્ડ અને જીલ્લા કક્ષાએ જીલ્લા પસંદગી સમિતિઓની રચના

૧૬. જમીન મહેસુલની વસુલાત અને પંચાયતના વહીવટ માટે જવાબદાર એવા તલાટી ગ્રામ પંચાયત સેક્રેટરીઓના જીલ્લાવાર કેડરની રચના, અને જીલ્લા પંચાયત દ્વારા જ તેનું નિયંત્રણ

૧૭. પંચાયતી રાજ સંસ્થાઓને ૧૦૦ ટકા જમીન મહેસુલ આવકની અને કાર્યો વૈધાનિક ફાળવણી

૧૮. નબળા વિસ્તારોને સહાય કરવા, કર નાખવાના પ્રયત્નોને પ્રોત્સાહન આપવા અને વિકાસલક્ષી પ્રવૃતિઓની નાણાંવ્યવસ્થા કરવા માટે ૨૬ ન

થાય એવુ ફંડ ઉભુ કરવું.

૧૯. પંચાયતી રાજ સંસ્થાઓને માર્ગદર્શન આપવા અને તેમના પર દેખરેખ તથા નિયંત્રણ રાખવા માટે રાજય કક્ષાએ વિકાસ કમિશ્નરનું તંત્ર.

## પંચાયતી રાજ પ્રશ્નોત્તરી

1. આપના દેશ માં પંચાયતી રાજ ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

જવાબ : ઈ .સ 1958 થી

2. કઈ સમિતિ ના અહેવાલ પ્રમાણે પંચાયતી રાજ ની સ્થાપના કરવામાં આવી હતી ?

જવાબ : બળવંત રાય મહેતા

3. પંચાયતી રાજ ની સૌ પ્રથમ શરૂઆત કયા બે રાજ્યમાં થઇ હતી ?

જવાબ : રાજસ્થાન અને આંધ્રપ્રદેશ

4. ગુજરાત માં પંચાયતી રાજ નો અમલ ક્યારથી કરવામાં આવ્યો ?

જવાબ : ઈ .સ 1963

5. પંચાયત ના વડા ને શું છે?

જવાબ : સરપંચ

6. ગ્રામ પંચાયત માં વહીવટી કામ કોણ કરે છે?

જવાબ : તલાટી કમ મંત્રી

7. ગ્રામ પંચાયત માં ઓછા માં ઓછા કેટલા સભ્યો હોય છે?

જવાબ : સાત (7)

8. ગ્રામ પંચાયત મા વધુ માં વધુ કેટલા સભ્યો હોય છે?

જવાબ : પંદર (15)

9. તાલુકા પંચાયત ના વડા ને શું કહે છે ?

જવાબ : તાલુકા પ્રમુખ

10. તાલુકા પંચાયત માં વહીવટી કામ કોણ કરે છે?

જવાબ : તાલુકા વિકાસ અધિકારી

11. તાલુકા પંચાયત માં ઓછા માં ઓછા કેટલા સભ્યો હોય છે?

જવાબ : પંદર (15)

12. તાલુકા પંચાયત મા વધુ માં વધુ કેટલા સભ્યો હોય છે?

જવાબ : એકત્રીસ (31)

13. જીલ્લા પંચાયત ના વડા ને શું કહે છે ?

જવાબ : જીલ્લા પ્રમુખ

14. જીલ્લા પંચાયત માં મુખ્ય વહીવટી અધિકારી કોણ હોય છે?

જવાબ : જીલ્લા વિકાસ અધિકારી

15. જીલ્લા પંચાયત માં ઓછા માં ઓછા કેટલા સભ્યો હોય છે?

જવાબ : એકત્રીસ (31)

16. જીલ્લા પંચાયત માં વધુ માં વધુ કેટલા સભ્યો હોય છે?

જવાબ : એકાવન (51)

17. ગ્રામ પંચાયત હોય ત્યાં કેટલી વસ્તી હોવી જોઈએ ?

જવાબ : 15 હજારથી ઓછી

18 નગર પાલિકા માં વસ્તી ની સંખ્યા કેટલી હોય છે ?

જવાબ : 15 હજારથી વધુ ત્રણ લાખથી ઓછી

19. ત્રણ લાખથી વધુ વસ્તી ધરાવતા ને શું કહે છે?

જવાબ : મહાનગર પાલિકા

20. ગુજરાતમાં કુલ કેટલી મહાનગર પાલિકાઓ આવેલી છે?

જવાબ : આઠ(8)

21. ગુજરાતમાં કુલ કેટલી નગર પાલિકાઓ આવેલી છે?

જવાબ : 264

22. મહિલાઓ માટે પંચાયતી રાજમાં કેટલી બેઠકો અનામત હોય છે?

જવાબ : એક તૃતીયાંશ (1/3)

23. નગરપાલિકાના વડાને શું કહે છે ?

જવાબ : નગરપાલિકા પ્રમુખ

24. નગરપાલિકાનો વહીવટ કોણ કરે છે ?

જવાબ : સભ્યો, પ્રમુખ , ચીફ ઓફિસર

25. મહા નગરપાલિકા ના વડા ને શું કહે છે?

જવાબ : મેયર

26. મેયરની ચૂંટણી કેટલા વર્ષે થાય છે?

જવાબ : દર અઢી વર્ષે

27. મહા નગરપાલિકાનો વહીવટ કોણ કરે છે ?

જવાબ : મ્યુનીસીપલ કમિશ્નર

28. મહા નગરપાલિકાને શું કહે છે?

જવાબ : મ્યુનીસીપલ કોર્પોરેશન

29. નગરપાલિકાને શું કહે છે?

જવાબ : મ્યુનીસીપાલિટી

30. મહા નગરપાલિકાના સભ્યોને શું કહે છે?

જવાબ : કોર્પોરેટર

31. મહા નગરપાલિકા ની ઓછા માં ઓછી સભ્ય સંખ્યા કેટલી હોય છે?

જવાબ : એકાવન (51)

32. મહા નગરપાલિકા ની વધુ માં વધુ સભ્ય સંખ્યા કેટલી હોય છે?

જવાબ : એકસો ઓગણત્રીસ (129)(વસતિ પ્રમાણે)

33. ત્રિ -સ્તરીય રાજ માં ઉમેદવારી નોંધાવવા માટે કેટલી ઉંમર હોવી જરૂરી છે?

જવાબ : એકવીસ વર્ષ (21)

# ગુજરાત

- ગુજરાત સ્થાન : ભારતના પશ્ચિમ ભાગમાં
- ગુજરાતનો વિસ્તાર : 1,96,024 ચો કિમી કિમી
- ગુજરાતનો દરિયા કિનારો : 1600 કીમી
- ગુજરાતની ઉત્તરે આવેલું રાજ્ય : રાજસ્થાન
- ગુજરાતની પૂર્વમાં આવેલું રાજ્ય : મધ્ય પ્રદેશ
- ગુજરાતની દૃક્ષિણે આવેલું રાજ્ય : મહારાષ્ટ્ર
- ગુજરાતની વાયવ્યે આવેલો દેશ: પાકિસ્તાન
- ગુજરાતની ઉત્તર-દક્ષિણ લંબાઈ : 590 કિમી
- ગુજરાતની પૂર્વ-પશ્ચિમ લંબાઈ : 500 કિમી

- વર્તમાન મુખ્યમંત્રી (એપ્રિલ ૨૦૧૫): શ્રીમતી આનંદીબેન પટેલ
- વર્તમાન રાજ્યપાલ(એપ્રિલ ૨૦૧૫) : શ્રી ઓમ પ્રકાશ કોહલી
- પાટનગર ગાંધીનગર
- રાજ્ય પ્રાણી : સિંહ
- રાજ્ય ફૂલ: ગલગોટો
- રાજ્ય નૃત્ય: ગરબો
- કુલ વસતિ(૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ) : ૬,૦૪,૩૯,૬૯૨
- સૌથી મોટો જીલ્લો(વિસ્તારની દ્રષ્ટિએ) : કચ્છ
- સૌથી મોટો જીલ્લો(વસ્તીની દ્રષ્ટિએ) : અમદાવાદ

To Get GK Updates, Study Materials For Various Competitive Exams Updates, Educational Updates On your Whats App save our mo.no.9825990996 as 'Gyanparab' And Send Request "join Gyanparab" To our WhatsApp no.9825990996

Stay Connected to www.shikshanjagat.in